RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૩ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી (૧) કેમીકલ વેચવાનો ગુમાસ્તાધારા પરવાનો આપતા પહેલા આરોગ્ય વિભાગ પાસેથી એનઓસી (નો ઓબ્જેકશન સર્ટીફીકેટ) કેમ નથી મેળવાયુ? (૨) સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું ગુમાસ્તાધારા લાયસન્સ ખાદ્ય પદાર્થ (પ્રોવિઝન) તેમજ કેમીકલ વેચી શકાય તે માટેનું છે તો આ બંને પ્રકારના કામકાજ એક દુકાનમાં સાથે ચાલે છે, તો આ બાબતે આરોગ્ય વિભાગ તરફથી એનઓસી કેમ નથી લેવામાં આવ્યુ? કેમ કોઈ આરોગ્ય અધિકારશ્રીએ સ્થળ તપાસ નથી કરી શું બીપીએમસી એકટ આ પ્રકારે નાગરીકોના સ્વાસ્થ્ય જોડે થઈ રહેલા ચેડા ચલાવી લે? શા માટે આજ દિન સુધી આરોગ્ય વિભાગે સ્થળ નિરીક્ષણ નથી કર્યુ તથા શા માટે ખાદ્ય પદાર્થોના સેમ્પલ નથી લીધા તે જણાવશોજી તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૩/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી (૧) કેમીકલ વેચવાનો ગુમાસ્તાધારા પરવાનો આપતા પહેલા આરોગ્ય વિભાગ પાસેથી એનઓસી (નો ઓબ્જેકશન સર્ટીફીકેટ) કેમ નથી મેળવાયુ? (૨) સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું ગુમાસ્તાધારા લાયસન્સ ખાદ્ય પદાર્થ (પ્રોવિઝન) તેમજ કેમીકલ વેચી શકાય તે માટેનું છે તો આ બંને પ્રકારના કામકાજ એક દુકાનમાં સાથે ચાલે છે, તો આ બાબતે આરોગ્ય વિભાગ તરફથી એનઓસી કેમ નથી લેવામાં આવ્યુ? કેમ કોઈ આરોગ્ય અધિકારશ્રીએ સ્થળ તપાસ નથી કરી શું બીપીએમસી એકટ આ પ્રકારે નાગરીકોના સ્વાસ્થ્ય જોડે થઈ રહેલા ચેડા ચલાવી લે? શા માટે આજ દિન સુધી આરોગ્ય વિભાગે સ્થળ નિરીક્ષણ નથી કર્યુ તથા શા માટે ખાદ્ય પદાર્થોના સેમ્પલ નથી લીધા તે જણાવશોજી તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં.૧૭૦૪ તા. ૧૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી નોંધણીની કાયદાકીય જોગવાઈ નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮૪ તા.૪–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી,ફી ભર્યાની વિગત રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા સાથે મળેલ માહિતી અંગે નારાજગી છે કે તકરાર નિવારણ અંગે ? તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૫૭ તા.૨૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારે તા.૧૭–૧૧–૧૧ ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલય સંદર્ભે પાઠવેલ પત્ર બાબતે આરોગ્ય અધિકારી તરફથી સેકશન ઓફિસર શ. વિ. અને શ.વિ.ગૃ. નિ. વિભાગને લખેલ પત્ર નં. પીએચડી/૧૯૪૩ તા.૪–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને તેમની તા.૭–૧૦–૧૧ ની અરજી આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ / ૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, મ્યુ. કોર્પોરેટર અસદ ઉલ્લાખાન કલ્યાણીનો તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૮–૨–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/ફુ૯ તા.૨૫–૪–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧૧–૩–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૮–૨–૧૧ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/૨૬૫ તા.૧૯–૫–૧૧ ના પત્રની નકલ,

અરજદારની તા.૧૧–૦૩–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૯૧ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, શ્રી અરવિંદભાઈ મીઠાળવાળાની તા.૨૩–૬–૧૧ ના રોજ આપેલ ચેતવણી અંગેની નોટીસની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૧–૧૨ નો પૂરક પત્રની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને મળેલ માહિતી અંગે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૦૪ તા.૧૨–૧૨–૧૦ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૦૪ તા.૧૨–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ કેમીકલ વેચવાનો ગુમાસ્તાધારા પરવાનો આપતા પહેલા આરોગ્ય વિભાગ પાસેથી એનઓસી (નો ઓબ્જેકશન સર્ટીફીકેટ) કેમ નથી મેળવાયુ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સંસ્થાએ આરોગ્ય વિભાગ પાસેથી એન.ઓ.સી. લીધા અંગેની રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૨) સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું ગુમાસ્તાધારા લાયસન્સ ખાદ્ય પદાર્થ (પ્રોવિઝન) તેમજ કેમીકલ વેચી શકાય તે માટેનું છે તો આ બંને પ્રકારના કામકાજ એક દુકાનમાં સાથે ચાલે છે, તો આ બાબતે આરોગ્ય વિભાગ તરફથી એનઓસી કેમ નથી લેવામાં આવ્યુ? કેમ કોઈ આરોગ્ય અધિકારશ્રીએ સ્થળ તપાસ નથી કરી શું બીપીએમસી એકટ આ પ્રકારે નાગરીકોના સ્વાસ્થ્ય જોડે થઈ રહેલા ચેડા ચલાવી લે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય વિભાગ મારફતે આ બાબતે મનપાના સંબંધિત અધિકારીઓ તરફથી સ્થળ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદ અનુસંધાને જાહેર આરોગ્યને નુકશાન થાય તેવું જણાયેલ નથી. તેમજ આજુબાજુના રહીશોને પુછપરછ કરતાં પણ આ પ્રકારનું જાહેર આરોગ્યનું નુકશાન થયેલ જણાયેલ નથી. વધુમાં સદર સંસ્થાની નોંધણી નં.સી.ઝેડ/એસ/૫૯૫૮ નંબરની નોંધણી બાબતે સંસ્થાની નોંધણી મુંબઈના દુકાનો અને સંસ્થાના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૭(૨) હેઠળ કરવામાં આવેલ છે. જેની નકલના રૂા.૨/– ભર્યેથી માહિતી મળી શકશે. તેવું જણાવેલ.

અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં આપવામાં આવેલ માહિતી અંગે અરજદારે તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં (૧) અરજદારે ગુમાસ્તાધારા અધિકારીએ એન.ઓ.સી. વગર કેમીકલ અને ખાદ્ય પદાર્થો સાથે વેચી શકાય તે માટેનો પરવાનો આપ્યો અને શા માટે એન.ઓ.સી. લીધું નહીં અને ચકાસણી કરી નહીં તેવી રજૂઆત કરેલ છે. શ્રીજી કેમીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ નામની દુકાન આખા સુરતમાં એક માત્ર છે જે આરોગ્ય વિભાગની પરવાનગી લીધા વગર કેમીકલ જોડે ખાદ્ય પદાર્થ વેચે છે. અને ગુમાસ્તાધારા સી.ઝે/એસ/૩/૫૯૫૮ નું ગુમાસ્તા સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. તે રદ પાત્ર થવા છે તો તે રદ કેમ નથી કરાતું. અત્રે અરજદારનો પ્રશ્ન આરોગ્યના એનઓસી બાબતેનો છે જે એનઓસી લીધા અંગેનો કોઈ રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

(૨) કયા અધિકારીએ તપાસ કરેલ છે તેનો રીપોર્ટ આપવો. તથા આજુ બાજુના રહીશોને પુછપરછ કરેલ હોય તો તેના નામ અને નિવેદનો આપો. પ્રશ્ન નં.(૨)અધૂરો છે અને જાણી જોઈને માહિતી આપેલ નથી. આરોગ્ય વિભાગે સ્થળ નિરીક્ષણ કર્યુ નથી ખાદ્ય પદાર્થના સેમ્પલ લીધા નથી. આથી પુછેલ જવાબ અધૂરો છે. સ્થળ ઉપર ખાદ્ય પદાર્થ અને કેમીકલ સાથે વેચાણ થતું હોય તો ફોર્મ–એ નવા પીએફએ એકટ રુલ્સ –૫૦ હેઠળ જે દુકાનદાર પાસેથી અરજી મંગાવીને " ધી પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટરેશન એકટ ૧૯૫૪ હેઠળ લાયસન્સ આપવામાં આવે છે. જેના આધારે ખાદ્ય પદાર્થોનો સંગ્રહ તેમજ વેચાણ થઈ શકે છે. કાયદેસરના પગલા કેમ નથી ભરતા? કાયદાનો ભંગ કરી રહેણાંક વિસ્તારમાં ચાલતી ધંધાકીય વપરાશ માટેની કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તો દુકાન બંધ કરાવો તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદારને આરોગ્ય વિભાગનું એનઓસી બાબતે ઉપરોકત મુદ્દા નં.૧ માં વિવરણ કરેલ છે આરોગ્ય અધિકારીની સ્થળ તપાસ બાબતે અરજદારને સબંધિત અધિકારી તરફથી સ્થળ તપાસ કરવામાં આવેલ છે. અને આજુબાજુના રહીશોને પુછપરછ કરતાં આ પ્રકારનું જાહેર આરોગ્યનું નુકશાન થયેલ જણાતું નથી. આજ દિન સુધી આરોગ્ય વિભાગ નિરીક્ષણ કર્યુ નથી તે અંગેના પ્રશ્નનો જવાબનો સમાવેશ પણ તેમાં થયેલ છે. શા માટે ખાદ્ય પદાર્થોના સેમ્પલ નથી લીધા અને નાગરીકોના સ્વાસ્થ્ય બાબતે તથા કેમીકલ જોડે ખાદ્ય પદાર્થ વેચે છે દુકાન બંધ કરાવો, કાયદેસરના પગલા લો, ફરીયાદને બાબતે કાર્યવાહીને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. આમ અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૨ ની માહિતી અપાયેલ છે તેથી તે અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૧ અંગે " ગુમાસ્તાધારા પરવાનો આપતા પહેલા આરોગ્ય વિભાગ પાસેથી એનઓસી કેમ નથી મેળવાયુ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ માત્ર રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. ગુમાસ્તાધારા પરવાનો આપતા પહેલા ગુમાસ્તાધારા હેઠળ આવા આરોગ્યના એનઓસી લેવાની જોગવાઈ છે કે નહી? તે બાબતે કોઈ માહિતી પૂરી પાડેલ નથી અને અરજદારે એનઓસી કેમ નથી મેળવાયુ તેની માહિતી માંગેલ છે.

અરજદારે અપીલ તબકકે કયા આરોગ્ય અધિકારીએ તપાસ કરેલી છે તેનો રીપોર્ટ આજુ બાજુના રહીશોના નામ તથા નિવેદનો વિગેરે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પૂરક પ્રશ્નો અંગે આરટીઆઈ એકટના કાયદાની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પાડવામાં આવેલ મુદ્દા નં.૧ ની માહિતી ગુમાસ્તાધારાની જોગવાઈના અનુસંધાને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલમાં કરેલ ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતેની તકરાર નિવારણને લગતી બાબત અંગે તકરાર નિવારણની સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,